અપીલ અરજી નં.૧૮૩ તા.૨૨–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોડાદરા પાલીસ ચોકીથી આસપાસ મંદિરના રોડ તરફ ખોડિયારનગર રો–હાઉસ,(૨) ગોડાદરા નીલગીરી રોડ,વૈજનાથ મંદિર પાછળ,ન્યુ સમ્રાટ રામનગર ગેટની સામે ભવ્ય ઈમારત,(૩) ગોડાદરા નીલગીરી રોડ, રામનગર ગેટ નં. ૩ની બાજુમાં ઉપર બાંધકામ ચાલું છે,(૪) એપીએમસી સરદાર માર્કેટ પાસપોર્ટ ઓફિસવાળી બિલ્ડીંગમાં અગાઉ રાખેલ સીઓપી અને માર્જીનની કે અન્ય જગ્યામાં બાંધકામ ચાલું છે, અગાઉ છોડવામાં આવેલ હતી તે જગ્યામાં બાંધકામ થઈ રહયું છે તેની માહિતી. ઉપરોકત તમામ બાંધકામો ચાલું હોઈ, આ અંગેની પરવાનગી,કાયદેસરતા,માળ,ક્ષેત્રફળ,પાર્કીગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી,અને જો આ બાબતે કોઈ પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓનાં નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૩/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોડાદરા પાલીસ ચોકીથી આસપાસ મંદિરના રોડ તરફ ખોડિયારનગર રો–હાઉસ,(૨) ગોડાદરા નીલગીરી રોડ,વૈજનાથ મંદિર પાછળ,ન્યુ સમ્રાટ રામનગર ગેટની સામે ભવ્ય ઈમારત,(૩) ગોડાદરા નીલગીરી રોડ, રામનગર ગેટ નં. ૩ની બાજુમાં ઉપર બાંધકામ ચાલું છે,(૪) એપીએમસી સરદાર માર્કેટ પાસપોર્ટ ઓફિસવાળી બિલ્ડીંગમાં અગાઉ રાખેલ સીઓપી અને માર્જીનની કે અન્ય જગ્યામાં બાંધકામ ચાલું છે, અગાઉ છોડવામાં આવેલ હતી તે જગ્યામાં બાંધકામ થઈ રહયું છે તેની માહિતી. ઉપરોકત તમામ બાંધકામો ચાલું હોઈ, આ અંગેની પરવાનગી,કાયદેસરતા,માળ,ક્ષેત્રફળ,પાર્કીગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી, અને જો આ બાબતે કોઈ પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓનાં નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૭ તા.૩૦–૭–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ નિર્ણય નહીં મળવાથી અરજદારે તા.૨૨–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને વિના મુલ્યે માહિતી પૂરી પાડવા તેમજ બેજવાબદાર અધિકારી વિરુધ્ધ પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ બેજવાબદારી અધિકારી વિરુધ્ધ પગલા ભરવા અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ